# અમેરિકામાં બરફના તોફાનથી જનજીવન ઠપ

## શિકાગો, બોસ્ટન, ફિલેડેલ્ફિયા અને ન્યૂયોર્ક વિમાની મથકે હાલત કફોડી : ન્યૂયોર્ક અને ન્યૂજર્સીમાં ઇમરજન્સી જાહેર

ન્યૂયોર્ક,તા.૪

અમેરિકાના જુદાજુદા ક્ષેત્રોમાં આવેલા બરફના તોફાનના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. નવા વર્ષની શરૂઆત બાદથી જ લોકોની હાલત કફોડીબનેલી છે. ૧૧ લોકોના મોત થઈ ચૂક્યા છે અને દેશભરમાં ૨૦૦૦થી વધારે ફ્લાઈટો રદ કરવામાં આવી ચૂકી છે. માત્ર અમેરિકામાં જ નહીં બલ્કે કેનેડામાં પણ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ચૂક્યું છે. ન્યૂયોર્કથી પ્રાપ્ત અહેવાલ મુજબ ન્યુયોર્ક અને ન્યૂજર્સીમાં ઇમરજન્સીની જાહેરાત કરવામાં આવી છે. ૨૦૦૦થી વધુ ફ્લાઈટો રદ કરવામાં આવી ચૂકી છે. આ બંને જગ્યાઓએ સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી ચૂકી છે. ન્યૂયોર્ક અને બોસ્ટનના વિમાની મથકથી વધુ ફ્લાઈટો રદ કરાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ન્યૂયોર્ક રાજ્યના અનેક હાઈવે બંધ કરી દેવામાં આવ્યા છે. ટ્રેનની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. અમેરિકી હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે બોસ્ટન નજીક બોક્સફર્ડમાં ૫૩ સેન્ટીમીટર જેટલો બરફ પડ્યો છે. જ્યારે મેસાચુસૈટ્સ, ન્યૂયોર્ક અને રોચેસ્ટરમાં આશરે ૬૧ સેન્ટીમીટર અથવા તો ૨૪ ઇંચ જેટલો બરફ પડ્યો છે જેથી સંપૂર્ણપણે અંધાધૂધી ફેલાઈ ગઈ છે. ન્યૂયોર્ક અને ન્યુજર્સીમાં ઇમરજન્સીને લીધે જનજીવન ખોરવાઈ ગયું છે. ન્યૂયોર્કમાં મહત્તમ તાપમાન ૦થી ૯.૫ ડિગ્રી ઓછું રહ્યું હતું. આ પ્રકારની તીવ્ર ઠંડીમાં લોકોને બચાવવા માટે ખાસ ટુકડીઓ મોકલવામાં આવી છે. ન્યૂયોર્કના ગવર્નર કુઓમો અને ન્યૂજર્સીના ગવર્નર ક્રિસ ક્રિસ્ટીએ કહ્યું છે કે લોકો ઘરમાં રહે તે જરૂરી છે. સરકારી ઓફિસો અને કોર્ટમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. મળેલી માહિતી મુજબ શિકાગોથી લઈને વોશિંગ્ટન સુધી તોફાનના સંકેત આપવામાં આવ્યા છે. અમેરિકાના મધ્ય પશ્ચિમી વિસ્તારમાં હિમવર્ષા થઈ રહી છે. શિકાગોમાં ઓહેયર ઇન્ટરનેશન એરપોર્ટથી પણ ફ્લાઈટો રોકી દેવામાં આવી છે. માત્ર અમેરિકામાં જ નહીં બલ્કે કેનેડામાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ છે. બીજી બાજુ શિકાગોમાં પણ લોકોને કોઈ રાહત મળી રહી નથી. ન્યૂયોર્કના જોન ઓફ કેનેડી એરપોર્ટને કલાકો સુધી તોફાની પવન અને લો વિઝિબિલિટીના કારણેબંધ રાખવાની ફરજ પડી હતી. શિકાગો, બોસ્ટન, ફિલાડેલ્ફિયા અને ચાવીરૂપ એરપોર્ટ ઉપર ફ્લાઈટો રદ કરવામાં આવી છે.

# સબસિડીવાળા એલપીજી સિલિન્ડરની સંખ્યા વધશે નહીં

### ૯ સબસિડીવાળા સિલિન્ડરથી ૯૦ ટકા ગ્રાહકોને આવરી લેવામાં આવ્યા : માત્ર ૧૦ ટકા સબસિડી વગર રહ્યા છે

કોચી,તા. ૪

કેન્દ્રિય પેટ્રોલિયમ પ્રધાન વીરપ્પા મોઈલીએ આજે કહ્યુ હતુકે સબસિડીવાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા નવથી વધારીને ૧૨ કરવાની સરકાર સમક્ષ કોઈ પણ દરખાસ્ત નથી. મોઈલીએ એમ પણ કહ્યુ હતુકે હજુ સુધી અમારી દરખાસ્ત અન્ય પાસોઓ પર રહેલી છે. પેટ્રોનેટ એલએન્ડજી ટર્મિનલની વિધિવતરીતે શરૂઆત કરવાના સંદર્ભમાં કોચી પહોંચેલા વીરપ્પા મોઈલીએ કહ્યુ હતુ કે સબસિડીવાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા વધારવાની અમારી કોઈ પણ હિલચાલ નથી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સબસિડીવાળા નવ સિલિન્ડર એક વર્ષમાં આપવામાં આવે છે અને તે ૯૦ ટકા ગ્રાહકોને આવરી લે છે. માત્ર ૧૦ ટકા લોકો જ સબસિડી વગર રહી ગયા છે. સરકારના વલણની લોકો પ્રશંસા કરશે તેવો દાવો કરીને વીરપ્પા મોઈલીએ કહ્યુ હતુ કે તમામ પાસા પર ચર્ચા વિચારણા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. એક વખત સબસિડીવાળા સિલિન્ડરોની સંખ્યા વર્ષમાં એક પરિવારને ઘટાડીને છ કરવામાં આવી હતી. પરંતુ મોડેથી ભારે હોબાળો મચી ગયા બાદ અને લોકોએ વિરોધ કર્યા બાદ આ સંખ્યા વધારીને નવ કરવામાં આવી હતી. વીરપ્પા મોઈલીના આજના નિવેદનને ખૂબજ મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે. મિડિયામાં હાલમાં એવા અહેવાલ આવ્યા હતા કે એલપીજી સબસિડીવાળા સિલિન્ડરોની સંખ્યા લોકસભાની ચૂંટણી પહેલા સરકાર વધારીને નવના બદલે ૧૨ કરશે પરંતુ આજે વીરપ્પા મોઈલીના નિવેદન બાદ આ સંદર્ભમાં ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો છે. વીરપ્પા મોઈલીના આ સંકેતથી ઘણા લોકોને નિરાશા પણ હાથ લાગી છે.

# મોદીના રામદેવની પરિષદમાં સંબોધન ઉપર તમામની નજર

નવી દિલ્હી,તા.૪

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં તાલકટોરા સ્ટેડિયમ ખાતે યોગગુરુ બાબા રામદેવ દ્વારા આયોજિત ભારત સ્વાભિમાન પરિષદને સંબોધન કરનાર છે જેથી મોદીના સંબોધન ઉપર તમામની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. નરેન્દ્ર મોદી દિલ્હીમાં યોજાનારી આ પરિષદને લઈને ભાગ લેવાની તૈયારી પણ દર્શાવી ચૂક્યા છે. નરેન્દ્ર મોદી આગામી દિવસોમાં ભરચક કાર્યક્રમો ધરાવે છે. પ્રથમ બે મહિનામાં રાષ્ટ્રીય કાર્યક્રમો, જાહેર સભાઓ અને પક્ષની બેઠકમાં હાજરી આપવાની બાબત તથા સંગઠનાત્મક કાર્યક્રમોમાં હાજરી આપનાર છે. આવતીકાલે બાબા રામદેવની પરિષદને લઈને સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવી છે. મોદી અન્ય કેટલાક કાર્યક્રમો પણ ધરાવે છે પરંતુ થોડાક સમય પહેલા બિહારના પાટનગર પટનામાં મોદીની રેલી વેળા જ સિરિયલ બ્લાસ્ટ થયા હતાજેના પરિણામ સ્વરૂપે મોદીની રેલી પહેલાં સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. યોગગુરુ બાબારામદેવ પહેલાથી જ કહી ચૂક્યા છે કે તેઓ નરેન્દ્ર મોદી માટે ઘેર ઘેર જઈને પ્રચાર કરશે અને તેમને વડાપ્રધાન બનાવવા માટે મદદરૂપ થશે. બાબા રામદેવનું કહેવું છે કે કાળા નાણાંને પરત લાવવાના મામલામાં મોદી આક્રમક રીતે આગળ વધી શકે છે. નરેન્દ્ર મોદી અને બાબા રામદેવ એક જ મંચ ઉપર નજરે પડનાર છે. લોકો આ પરિષદમાં ઉમટી પડે તેવી શક્યતા દેખાઈ રહી છે.

# દિલ્હી મેટ્રો પર ૨૬/૧૧ હુમલા જેવો રહેલો ખતરો

નવી દિલ્હી,તા. ૪

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં મોટા આતંકવાદી હુમલાનો ખતરો જાન્યુઆરીના પ્રથમ ૧૦ દિવસમાં તોળાઈ રહ્યો છે. દિલ્હી મેટ્રો ઉપર હુમલાનો વધારે ખતરો રહેલો છે. જાન્યુઆરીના પ્રથમ ૧૦ દિવસમાં જ મુંબઈમાં થયેલા ૨૬/૧૧ના હુમલા જેવો ખતરો તોળાઈ રહ્યો છે. મિલેટ્રી ઈન્ટલિજેન્સ દ્વારા આપવામાં આવેલી ચેતવણી બાદ દિલ્હી મેટ્રોની સુરક્ષા બે ગણી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત દિલ્હીના તમામ મોટા સ્થળો ઉપર સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે. ૩૧મી ડિસેમ્બરના દિવસે આ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી અને ચેતવણી અપાઈ હતી કે આગામી ૧૦ દિવસમાં દિલ્હીમાં મોટો હુમલો થઈ શકે છે જેના પરિણામ સ્વરૂપે શંકાસ્પદ દેખાતા લોકો અને યાત્રીઓની ચકાસણી કરવામાં આવી રહી છે. માલસામાનની ચકાસણી પણ વધારી દેવામાં આવી છે. એરપોર્ટ માટે પણ આવી જ ચેતવણી મળી છે. ઈન્ડિયન મુજાહીદ્દીનના આતંકવાદીઓ તેના ઝડપાઈ ગયેલા ખતરનાક શખસ યાસીન ભટકલને છોડવવા માટે વિમાનના અપહરણનો પ્રયાસ કરી શકે છે તેવી ચેતવણી એમઆઈ દ્વારા આપવામાં આવી હતી. એનસીઆરમાં ૧૪૦ મેટ્રો સ્ટેશનની સુરક્ષા માટે તૈનાત પાંચ હજાર સીઆઈએસએફના જવાનોની સંખ્યા વધારવામાં આવી રહી છે. આ ઉપરાંત સ્ટાફની શિફ્ટની અવધીને વધારી દેવામાં આવી છે. સીઆઈએસએફના અધિકારીઓએ નામ જાહેર નહીં કરવાની શરતે માહિતી આપતા કહ્યું છે કે આઠ કલાકની શિફ્ટ હવે વધારીને ૧૦ કલાકની કરી દેવામાં આવી છે.

સુરક્ષા વ્યવસ્થા તમામ મહત્વની જગ્યાએ વધારી દેવામાં આવી છેજેમાં અશોક પાર્ક, ઈન્દર લોક, કીર્તિનગર, રાજીવ ચોક, કાશ્મીરી ગેટ અને કેન્દ્રીય સચિવાલયનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યાઓએ વધારે લોકો હમેશા રહે છે. આ ઉપરાંત એક્ટ્રા ક્વીક રિએકેશન ટુકડીઓ પણ ગોઠવી દેવામાં આવી છે. દિલ્હી મેટ્રો પર મુંબઈ જેવા હુમલાની શક્યતા અંગે એલર્ટના સંદર્ભમાં અધિકારીઓએ કહ્યું છે કે સુરક્ષા પાસાંઓ સાથે ચેડા કરવામાં આવી રહ્યા નથી. તમામ જગ્યાઓએ સુરક્ષા વધારી દેવામાં આવી છે. ડૉગ સ્કોર્ડ અને બોમ્બ નિષ્ક્રીય કરતી ટુકડી પણ હુમલાને રોકવા તૈનાત કરી દેવામાં આવી છે. સીઆઈએસએફના ડોગ સ્કોર્ડમાં ૩૪ સભ્યો અને કમાન્ડો સાથે ૬૭ ક્યુઆરટીની ટુકડી પણ રહેશે.

# જીએસએલવી-ડીપ લોન્ચ માટે કાઉન્ટડાઉન શરૂ થયુ

નવી દિલ્હી,તા. ૪

સ્વદેશી ક્રાયોજેનીક અપર સ્ટેજ એન્જિન દ્વારા પાવર્ડ ભારતના મહત્વપૂર્ણ જીએસએલવી-ડી-૫ રોકેટ માટેનું કાઉન્ટ ડાઉન આજે સવારે ૧૧.૧૮ વાગ્યે શરૂ થઈ ગયુ હતુ. શ્રીહરિકોટામાં સતિષ ધવન સ્પેશ સેન્ટર ખાતે આ કાઉન્ટ ડાઉનની શરૂઆત થઈ હતી. રોકેટ આવતીકાલે ૪.૧૮ વાગ્યે વિધિવતરીતે ઉડાણ ભરશે. ૪૯.૧૩ મિટરની ઉંચાઈ ધરાવતા આ રોકેટ મારફતે જી સેટ-૧૪ કોમ્યુનિકેશન સેટેલાઈટને અંતરિક્ષમાં લઈ જવામાં આવશે. જીસેટ-૧૪ દૂરસંચાર ઉપગ્રહનું વચન ૧૯૮૨ કિલોગ્રામ છે. આમાં ઘણી બધી વિશેષતાઓ રહેલી છે. ટેલ એજ્યુકેશન અને ટેલ મેડિસિનમાં એપ્લિકેશન સાથે આ ઉપગ્રહ ખૂબજ મહત્વપૂર્ણ છે. બે વખત નિષ્ફળતા અને અન્ય એક વખત લોન્ચીંગ વેળા ટેકનિકલ ખામીના પરિણામ સ્વરૂપે આ વખતે ખૂબજ સાવધાની રાખવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં આને લઈને ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈશરોને ઘણી બધી તકલીફ થઈ છે. પરંતુ હવે ઈશરોના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ વખતે સફળ લોન્ચ રહેશે. ૪૫ પ્રકારના જુદા જુદા ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે. ઈશરોના ચેરમેન આર રાધાકૃષ્ણને કહ્યુ હતુ કે ૨૯ કલાકનું કાઉન્ટ ડાઉન શરૂ કરવામાં આવી ચુક્યુ છે. જીએસએલવીની અગાઉની ફ્લાઈટની સમીક્ષા કરવામાં આવ્યા બાદ કેટલાક ઘટકોમાં જરૂરી સુધારા કરવામાં આવી ચુક્યા છે. અમને આશા છે કે આ વખતે લોન્ચ ખૂબ સફળ રહેશે. ભારત રોકેટની પીએસએલવી રેન્જમાં નિષ્ણાંત તરીકે છે. ૨૫ સતત સફળતા હાથ લાગી છે. જીએસએલવી દ્વારા માનવીયથી લઈને સ્પેશ સુધી હેવી પે લોડ લઈને જવાની ૫મ ક્ષમતા રહેલી છે. એપ્રિલ ૨૦૧૦માં ઈશરોએ તેના પ્રથમ સ્વદેશી ક્રાયોજેનિક એન્જિનના ટેસ્ટ ક્યા હતા. પરંતુ આમાં નિષ્ફળતા હાથ લાગી હતી. આવતીકાલે લોન્ચ વેળા ઈશરોના મોટી સંખ્યામાં વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. તમામની નજર જીએસએલવી-ડી ૫ પર કેન્દ્રિત થઈ ગઈ છે.

### વાત કાનૂન કાયદાની... (પાના નં. ૪ નું ચાલુ)

પરંતુ ૨૦૧૨ માં દસ બેંચે ચુકાદાનું અર્થઘટન કરી નક્કી કર્યું કે એલ.પી.એ કરવા માટે લેબર કોર્ટને કે પછી ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલને પાર્ટી બનાવવાની ફરજીયાત નથી આ ચુકાદો આવ્યા પછી ચીફ જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય એ પાંચ જજની બેંચની રચના કરી અને આ મુદ્દા ઉપર જજમેન્ટ આપતા જણાવ્યું હતું. જેમાં લેબર કોર્ટ કે પછી ઇન્ડસ્ટ્રીયલ કોર્ટનો ચુકાદો હોય તો તેવા સંજોગોમાં એલ.પી.એ. કરવા માટે લેબર કોર્ટ કે ઇન્ડસ્ટ્રીયલ ને પાર્ટી બનાવવી ફરજિયાત છે કે નહીં તે નક્કી કરવા જણાવ્યું હતું.

ત્યારબાદ ચીફ જસ્ટીફ ભાસ્કર ભટ્ટાચાર્યએ પાંચ જજની બેંચની રચના કરી હતી. આ બેંચે નવેમ્બર-૨૦૧૩ માં પિટીશનની સુનાવણી શરૂ કરી હતી તે ગત ૨૬-૧૨-૨૦૧૩ ના રોજ ઓપર કોર્ટમાં ચુકાદો જાહેર કરવા જણાવ્યું હતું કે લેબર કોર્ટ, ઇન્ડસ્ટ્રીયલ કોર્ટ અથવા ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલને સીંગલ જજ સમક્ષ પાર્ટી બનાવવી આવશ્યક ગણવામાં આવેલ છે. તેમજ સીંગલ જજ કે લેબર કોર્ટ અથવા ઇન્ડસ્ટ્રીયલ કોર્ટ કે ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલનો ચુકાદો રદબાતલ થઇ શકે છે. પરંતુ ચુકાદામાં ફેરફાર કરેલ હોય તો લેટર્સ પેટન્ટ અપીલ થઇ શકતી નથી. તેથી સીંગલ જજના ચુકાદા સામે જ લેટર્સ પેટન્ટ અપીલ થઇ શકે. નીચલી કોર્ટના ચુકાદમાં ફેરફાર કરવાના કિસ્સામાં લાગુ પડશે નહીં.

ડિવીઝન બેંચના ઉપરોક્ત ચુકાદાથી કર્મચારીઓ જે સિંગલ જજના ચુકાદા સામે પહેલાં સુપ્રીમ કોર્ટમાં જ જવું પડતું હતું અને લાખોનો ખર્ચ કરવો પડતો હતો તેમાંથી હવે મોટી રાહત મળશે અને ગુજરાત હાઇકોર્ટમાં જ લેટર્સ પેટન્ટની અપીલ કરી ન્યાય મેળવી શકાશે.

# ધૂમ્મસ અને તીવ્ર ઠંડીથી સમગ્ર ઉત્તર ભારતમાં જનજીવન ઠપ

નવી દિલ્હી,તા. ૪

સમગ્ર ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીના કારણે જનજીવન આજે પણ અસ્તવ્યસ્ત રહ્યુ હતુ. ધૂમ્મસ અને તીવ્ર ઠંડીના કારણે ઘણી જગ્યાએ લોકો અટવાઈ પડ્યા હતા. નવી દિલ્હીથી પ્રાપ્ત અહેવાલ મુજબ બિહાર, બંગાળ, આસામ અને ઓરિસ્સા તેમજ અન્ય રાજ્યોમાંથી આવતી ટ્રેનો મોડી પડી છે. કેટલીક ટ્રેનોને રદ્દ કરવામાં આવી છે. ઉત્તરભારતના મોટા ભાગના રાજ્યોમાં ઠંડીથી કોઈ રાહત મળી નથી. રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર તીવ્ર ઠંડીના સકંજામાં છે. ધૂમ્સમની ચાદર સવારે જોવા મળી રહી છે. શ્રીનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ કાશ્મીર ખીણના મોટાભાગના વિસ્તારોમાં માઈનસ તાપમાન થયેલુ છે. હવામાન વિભાગે ઠંડીમાં વધારો થવાની આગાહી કરવામાં આવી છે. વૃક્ષો, વાહનો અને મકાનોની છત પર બરફ જામી ગયો છે. જમ્મુ કાશ્મીરના ઉનાળા પાટનગર શ્રીનગરમાં માઈનસ ૧.૬ ડિગ્રી તાપમાન થયુ છે. દક્ષિણ કાશ્મીરના પહેલગામમમાં માઈનસ ૭.૭ ડિગ્રી તાપમાન થયુ છે. વિશ્વ પ્રસિદ્ધ સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં માઈનસ ૧૧.૬ ડિગ્રી તાપમાન થયુ છે. લડાખના લેહમાં સૌથી વધુ માઈનસ ૧૪.૬ ડિગ્રી તાપમાન થયુ છે. લઘુત્તમ તાપમાન સતત ઘટી રહ્યુ છે. કાશ્મીર ખીણના ગેટવે ગણાતા કાજીગુંદમાં માઈનસ ૩.૮ ડિગ્રી તાપમાન થયુ છે. જ્યારે દક્ષિણમાં કોકરનાગમાં માઈનસ ૬.૩ ડિગ્રી તાપમાન થયુ છે. ઉત્તર કાશ્મીરના કુપવારમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૦૮ થયુ છે. કારગીલમાં પારો માઈનસ ૧૩ ડિગ્રી રહ્યો છે. ગઈકાલે મોડી રાત્રે કારગીલમાં માઈનસ ૧૯.૮ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ અને જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ હતુ. આ સિઝનમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. માત્ર જમ્મુ કાશ્મીરમાં જ નહીં બલકે દેશના અન્ય ભાગોમાં પણ તાપમાનમાં ઘટાડો થવાની આગાહી કરવામાં આવી ચુકી છે જેથી લોકોને હાલ ઠંડીથી કોઈ રાહત નહીં મળે તેવી શક્યતા છે. ઉત્તર ભારતના રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશમાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે. મુજફ્ફરનગરમાં રાહત કેમ્પમાં ઠંડીથી એકનું મોત થયુ છે.

## મુજફ્ફરનગર રાહત કેમ્પમાં વધુ એકનું ઠંડીથી કરૂણ મોત

મુજફ્ફરનગર,તા. ૪

ઉત્તરપ્રદેશના મુજફ્ફરનગરના પડોશી સામલી જિલ્લામાં બર્નાવી ગામમાં ખાનગી રાહત કેમ્પમાં કોમી હિંસાનો શિકાર થયેલી એક વ્યક્તિનું આજે મોત થયુ હતુ જેથી ભારે ખળભળાટ મચી ગયો છે. રાહત છાવણીમાં રમખાણગ્રસ્ત લોકોના મોતનો સિલસિલો યથાવતરીતે જારી રહ્યો છે. ૪૮ વર્ષિય બબલુનું તીવ્ર ઠંડીના કારણે મોત થયુ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે બર્નાવી રાહત કેમ્પમાં હજુ પણ ૨૫૦થી વધુ લોકો આશરો લઈ રહ્યા છે. પરંતુ તીવ્ર ઠંડીના લીધે હાલમાં હાલક કફોડી બનેલી છે. દરમિયાન સરકારી સત્તાવાળાઓએ સામલી શહેરમાં મદરશા ખાનગી કેમ્પમાથી ૨૫૦ પરિવારોને અન્યત્ર ખસેડી લીધા છે. જ્યારે સંજકગામ રાહત કેમ્પમાંથી અન્ય ૧૨૫ પરિવારોને સુરક્ષિત ખસેડી લીધા છે. તીવ્ર ઠંડીથી અસરગ્રસ્ત લોકોને બચાવવાના હેતુસર આ નિર્ણય કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં મુજફ્ફરનગર અને આસપાસના વિસ્તારોમાં સાંપ્રદાયિક હિંસાના પરિણામ સ્વરૂપે ૬૦ લોકોના મોત થયા હતા અને ૪૦ હજાર લોકો બેઘર થયા હતા. હજારો લોકો હજુ પણ રાહત કેમ્પમાં છે. રાહત કેમ્પમાં રહેલા લોકોને લઈને ઉત્તરપ્રદેશ સરકારની વારંવાર ટિકા ટિપ્પણી થતી રહી છે. મામલો કોર્ટમાં પણ પહોંચી ચુક્યો છે.

### સાત વખત વર્લ્ડ રેસીંગ ચેમ્પિયન બનેલા

# સુમાકરને માથામાં ઇજા થયા બાદ હાલત સ્થિર

નવી દિલ્હી,તા.૪

ફ્રાન્સના એલ્પ્સ પહાડીઓ ઉપર સ્કીઈંગ કરતી વેળા ગંભીર રીતે ઘાયલ થઈ ગયેલો પૂર્વ ફોર્મ્યુલા વન ચેમ્પિયન માઈકલ સુમાકરની હાલત હજુય ગંભીર પરંતુ સ્થિર બનેલી છે. જર્મનીના એજન્ટે કહ્યુ છે કે ઈજા થયાના એક સપ્તાહ બાદ પણ તેની સ્થિતિ હજુ ચિંતામાંથી બહાર થઈ નથી. તબિબો તેની તબિયત પર નજર રાખી રહ્યા છે. સુમાકર જીવન મરણ વચ્ચે તે ઝોલા ખાઈ રહ્યો છે. માથામાં ગંભીર ઈજાના કારણે તેની હાલત ગંભીર બનલી છે. માઈકલ સુમાકરની સારવાર કરી રહેલા દક્ષિણ પૂર્વીય શહેર ગ્રેનોબલ સ્થિત હોસ્પિટલથી જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ૪૪ વર્ષીય સુમાકરને જ્યારે અહીં લાવવામાં આવ્યો ત્યારે તેના દિમાંગ ઉપર ખૂબ ગંભીર ચોટ હતી અને તે કોમામાં હતો જેથી તેને તાત્કાલિક રીતે ન્યૂરો સર્જરીની જરૂર હતી.

હજુ પણ તેની હાલત ગંભીર બનેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુમાકર ગયા રવિવારે સવારે પોતાના ૧૪ વર્ષીય પુત્ર અને અન્ય લોકો સાથે સ્કીંઈંગ કરી રહ્યો હતો. એ ગાળા દરમિયાન તે દુર્ઘટનાનો શિકાર થયો હતો. દુર્ઘટના સ્તર મેરી બેલ રિસોર્ટના અધિકારી ક્રિસ્ટોફીનું કહેવું છે કે સુમાકરે હેલ્મેટ પહેરેલી હતી પરંતુ તે એક વિશાળ ચટ્ટાન સાથે ટકરાઈ ગયો હતો. બનાવ બાદ તે ભાનમાં હતો. ત્યારબાદ સુમાકરને હેલિકોપ્ટર મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સાત વર્ષના વર્લ્ડ રેસીંગ ચેમ્પિયન સુમાકરને એફ-૧ સર્કીટના સૌથી ઝડપી ડ્રાઈવરો પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. વર્ષ ૨૦૦૦થી ૨૦૦૪ વચ્ચે ફેરારી ટીમ માટે પાંચ વખત ચેમ્પિયનશીપ જીતી હતી. ૨૦૧૦માં ફોર્મ્યુલા વન રેસીંગમાં ફરી તેની વાપસી થઈ હતી. પરંતુ માત્ર એક જ વખત પોડીયમ ફિનીસમાં સફળતા મેળવી હતી. તેની તબિયત ક્યારે સુધરશે તેને લઈને તબિબો પણ વાત કરવાની સ્થિતિમાં હાલ દેખાઈ રહ્યા નથી.

# એએપીના ૭ પ્રધાનો દ્વારા એસયુવીનો ઉપયોગ થયો

નવી દિલ્હી,તા.૪

અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટી સત્તા ઉપર આવ્યા બાદ આમ આદમી પાર્ટીના પ્રધાનો પણ હવે કિંમતી ગાડીઓનો ઉપયોગ કરવા લાગી ગયા છે. આમ આદમીની જેમ રહેવાની વાત કરનાર પ્રધાનો પાસે હવે મોટી ગાડીઓ પણ જોવા મળી રહી છે. દિલ્હીમાં હજુ સુધી આમ આદમી પાર્ટીના ૭ પ્રધાનો પાસે એસયુવી ગાડી થઈ ગઈ છે. મોટી સંખ્યામાં એએપીના પ્રધાનો અવરજવર માટે જાહેર પરિવહનનો ઉપયોગ કરી રહ્યા હતા. નવી વિધાનસભાના પ્રથમ દિવસે મોટી સંખ્યામાં એએપીના ધારાસભ્યો દિલ્હી મેટ્રો, ઓટો રિક્ષાનો ઉપયોગ કરીને વિધાનસભામાં પહોંચ્યા હતા. જો કે ગઈકાલે સ્થિતિ બદલાઈ ગઈ હતી. મોટાભાગના પ્રધાનો તેમની સત્તાવાર કાર સફેદ ઈનોવામાં આવ્યા હતા. મનીષ સિસોદિયા, રાખી બિરલા, સૌરભ ભારદ્વાજ સહિતના અનેક પ્રધાનો તેમની સત્તાવાર કારમાં દિલ્હી વિધાનસભામાં પહોંચ્યા હતા. આ ઈનોવા ગાડીઓનો ઉપયોગ અગાઉના પ્રધાનો દ્વારા કરવામાં આવતો હતો. કરકસરમાં જાહેર કરવામાં આવેલા પગલાંની સામે આવી કારના ઉપયોગના સંદર્ભમાં પૂછવામાં આવતા મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું હતું કે પાર્ટીએ ક્યારેય એવું કહ્યું નથી કે તેમના પ્રધાનો સત્તાવાર કારનો ઉપયોગ કરશે નહીં. તેમણે કહ્યું હતું કે ઉપયોગ કરવામાં આવેલી કારના સંદર્ભમાં તેઓ કોઈ વાત કરવા માગતા નથી.

## સમાચાર ઝલક

- *દિલ્હીમાં મેટ્રો સ્ટેશનો પર આતંકવાદી હુમલાની સંભાવના : ગુપ્તચર તંત્ર અહેવાલ.*
- *આમ આદમી પાર્ટી લોકસભામાં એકલા હાથે ચૂંટણી લડશે.*
- *સરકારી કરવેરા દૂર કરવા જોઇએ : યોગગુરૂ બાબા રામદેવ.*
- *ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણનો કોર્પોરેશન હોલ સીલ મરાયો.*
- *ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું યથાવત્, ગુજરાતમાં પણ નલિયા સૌથી ઠંડુગાર.*
- *યુરીયાના ઉત્પાદન ખર્ચ વધતાં તેમાં સબસીડી પણ વધશે.*
- *કચ્છમાં સિમેન્ટના ટેન્કરમાં લાખો લીટર દારૂ પકડાયો.*
- *અમદાવાદમાં ઇન્ટરનેશનલ ટેનિસ સ્ટેડિયમ સરદાર પટેલનાં નામે બનશે.*
- *આજે વિશ્વ બ્રેઇનલિપિ દિવસ મનાવવામાં આવ્યો.*
- *અમેરિકા-કેનેડામાં બરફના તોફાનથી ૨૪ વ્યક્તિનાં મોત.*
- *ખોડલધામ કાગવડમાં તા.૨૧મી જાન્યુઆરીએ કૃષિ મેળો યોજાશે.*
- *દિલ્હીમાં દરરોજ ૪ બળાત્કારના ગુના નોંધાય છે.*
- *કેજરીવાલને મળનાર મોટાં બંગલા સામે પ્રજા વિરોધ ઊભો થતાં 'સરકારી બંગલો' નહિ સ્વીકારે.*
- *અલગ તેલંગણા માટે દેખાવો યોજાયા.*
- *ચેન્નાઇમાં ગેસના ભાવ વધારા સામે દેખાયો યોજાયા.*
- *પરવેઝ મુશરર્ફ તબીબી સારવાર માટે વિદેશમાં જશે.*
- *૨૦૧૩માં સિડની ઓસ્ટ્રેલિયાનું સૌથી ગરમ સ્થળ હતું.*
- *ડિસેમ્બર માસમાં વાહનોના વેચાણમાં ઘટાડો થયો.*
- *દિલ્હીમાં વિદેશી મહિલા પર સ્પ્રે છાંટીને પહેલાં બેભાન બનાવી દુષ્કર્મ આચરાયું.*